Version 002: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાન શ્રી કુંદકુંદ કહાન જૈનશાસ્ત્રમાળા પુષ્પ નં. ૪૩




# જૈન બાળપોથી

## Jain Balpothi

(Primary Book on Jainism for Children)

લેખક : બ્ર. હરિલાલ જૈન, સોનગઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & our request

This electronic version of the Jain Balpothi in Gujarati & English is only possible due to the hard work of many individuals:-

The Gujarati text has been produced by Dipak Navnitlal Shah and Nilesh Varia.

The English translation of the Balpothi has been prepared with assistance from Shital Shah and Sheetal Shah.

**Our request to you:**

1) We have taken great care to ensure this electronic version of the Gujarati Jain Balpothi is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) It is difficult translating from one language to another while retaining the essential meaning and subtleties so we are looking for your suggestions to improve the English translations - especially if you have used this book to explain Jainism to a child.

Please send any suggestions for improving the English translations to rajesh@AtmaDharma.com.

3) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 8 November 2001 | First version with English translations. |
| 002 | 25 April 2002 | General enhancements to the English translation. |

Version 002: remember to check http://www.AtmaDharma.com for updates

માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ ચુ. ઝવેરી તરફથી, આ પુસ્તકની 'સવાલાખથી વધુ' પ્રતોના પ્રકાશનના હર્ષોપલક્ષમાં લેખકને સુવર્ણચંદ્રક ભેટ આપવામાં આવ્યો છે.


કુલ સત્તાવીસમી આવૃત્તિ

[ પાંચ ભાષામાં કુલ પ્રત ૧,૪૩૦૦૦ ]
એકલાખ તેંતાલીસહજાર

મુદ્રક :
મગનલાલ જૈન
અજિત મુદ્રણાલય
સોનગઢ ( સૌરાષ્ટ્ર )


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા પુષ્પ નં. [illegible]

# જૈન બાળપોથી

: લેખક :

બ્ર. હરિલાલ જૈન

: પ્રકાશક :

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ ( સૌરાષ્ટ્ર )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બા...ળ...કો...ને
વીર પ્રભુનાં સંતાન
૧. જીવ
૨. શરીર
૩. જીવ અને અજીવ
૪. દ્રવ્ય—ગુણ—પર્યાય
૫. પરીક્ષા
૬. હા અને ના
૭. ધર્મ
૮. સમજણ
૯. ભગવાન
૧૦. ગુરુ
૧૧. શાસ્ત્ર
૧૨. જૈન બાળકનું હાલરડું
૧૩. સમ્યગ્દર્શન
૧૪. સમ્યગ્જ્ઞાન
૧૫. સમ્યક્ ચારિત્ર
૧૬. જૈન
૧૭. રાજાની વાર્તા
૧૮. મુક્ત અને સંસારી
૧૯. કર્મ
૨૦. શ્રી મહાવીર ભગવાન
૨૧. આટલું કરજો
૨૨. સારી સારી શિખામણ
૨૩. કદી......નહિ
૨૪. ધૂન
૨૫. વંદન
૨૬.આતમદેવ
૨૭. મને બતાવો!
૨૮. મારી ભાવના
* જૈન બાળપોથીનાં પ્રશ્નો *

Authors Note
To the Children
Children of Lord Mahavir
(1) Soul
(2) Body
(3) Soul and non-Soul
(4) Dravya - Guna - Paryaya
Substance - Quality - Modifications (States)
(5) Examination
(6) Yes and No
(7) Religion
(8) Understanding
(9) God
(10) Guru ( Religious Teacher)
(11) The Scripture
(12) Lullaby of a Jain child
(13) Samyakt Darshan (Correct Belief)
(14) Samyakt-Gnan (Correct-Knowledge)
(15) Samyakt-Charitra (Correct-Conduct)
(16) Jain
(17) The story of a King
(18) Liberated and Worldy Souls
(19) Soul and Karma
(20) Lord Mahavir
(21) Do This Much
(22) Real Good Advice
(23) Never........Never
(24) Chanting
(25) Prayer
(26) My Pure Soul
(27) Please Show Me
(28) My Prayers
* Jain Balpothi Questions*

Version 002: remember to check http://www.AtmaDharma.com for updates

# ✻ નિવેદન ✻

આઠ-દસ વર્ષના બાળકો પણ હોંશપૂર્વક તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી શકે તે માટે આ બાળપોથી તૈયાર કરી છે. બાળકને અભ્યાસ કરવામાં રસ આવે તે રીતે આમાં ટૂંકા પાઠો દ્વારા નીચેના વિષયોનું સંકલન કર્યું છે.

જીવ-અજીવ, દ્રવ્ય-ગુણ-પર્યાય, ધર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર, પંચપરમેષ્ઠી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શિકારત્યાગ, જૈન-ધર્મ, મુક્ત અને સંસારી, કર્મ, ભગવાન મહાવીરનું જીવન-ચરિત્ર, દેવદર્શન, હિંસાદિ પાપોના ત્યાગનો ઉપદેશ, ક્રોધાદિ ત્યાગનો ઉપદેશ, ધૂનસંચય, દેવ-શાસ્ત્ર-ગુરુને વંદન, આત્મ-દેવનું સ્વરૂપ અને વૈરાગ્ય ભાવનાઓ.

—એ ઉપરાંત દરેક પાઠમાં વિષય અનુસાર ચિત્રો પણ આપ્યાં છે. એ ધ્યાન રાખવું કે આ ચિત્રો માત્ર દૃષ્ટાંતરૂપ છે. બાળકોને પાઠનો અભ્યાસ કરવામાં સુગમતા પડે અને રસ આવે તે માટે જ તે ચિત્રો આપવામાં આવ્યાં છે.

આ બાળપોથીના પાઠ બાળક પાસે માત્ર ગોખાવી દેવાના નથી, પરંતુ દરેક પાઠના ભાવની સમજણ આપીને બાળક પાસે પ્રેક્ટીસ કરાવવી, તેમ જ ચિત્રો મારફત વિસ્તારથી સમજણ આપવી. ધૂન, દેવદર્શન વગેરે પાઠ હોય ત્યાં તે મુજબ કરતાં શીખવું; વાજિંત્ર સહિત વિશેષ આનંદ આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com for updates

દરેક માતા પોતાના બાળકને વીરપ્રભુનાં સંતાન બનાવવા માટે પારણામાંથી જ તેના કાનમાં આ વીરમંત્રો ફૂંકે અને દૂધના ઘૂંટડાની સાથે સાથે તત્ત્વપ્રેમના ઘૂંટડા પણ પિવરાવે તો બાળકને મૂળમાંથી જ ધર્મરસનું સિંચન થાય અને તેનું જીવન ધર્મમય બને.

એકવાર બાળક આ તત્ત્વજ્ઞાનમાં રસ લેતું થશે પછી તો, જેમ તેને ખાધા વગર નથી ચાલતું તેમ, ધર્મરસ વગર તેને ચાલશે નહિ અને તે પોતાની મેળે જ હોંશથી અભ્યાસ કરશે.

દરેકે દરેક જૈન બાળકોએ આ બાળપોથીનો અભ્યાસ જરૂર કરવો જોઈએ.


આ બાળપોથી સૌને પ્રિય હોવાથી ગુજરાતી-હિંદી-મરાઠી-ઇંગ્લીશ તથા કન્નડ ભાષામાં તેની કુલ ૨૬ આવૃત્તિ (૧,૩૮૦૦૦ પ્રત) પ્રકાશિત થઈ ગઈ છે. જૈનસમાજના સાહિત્યને માટે આ એક ગૌરવની વાત છે; ને તેની ખુશાલીમાં માનનીય પ્રમુખશ્રી એન. સી. ઝવેરીએ લેખકને એક સુવર્ણચંદ્રક અર્પણ કરેલ છે. જૈનબાળપોથીનો બીજો ભાગ પણ એટલો જ સુંદર છે. અને આગળની શ્રેણી માટે પણ આયોજન છે. जय जिनेन्द्र

—બ્ર. હરિલાલ જૈન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# બા...ળ...કો...ને

## TO THE CHILDREN




ધર્મપ્રેમી બાળકો!
O! Religion loving Children.!

તમે વીર પ્રભુનાં સંતાન છો.
You are the children of Lord Mahavir.


તમારા હાથમાં આ બાળપોથી જોઈને કોને આનંદ નહિ થાય
Who would not be pleased when they see you holding this "Primary Book on Jainism"

તમે પ્રેમથી તેનો અભ્યાસ કરજો.
Study it with enthusiasm.

અભ્યાસ કરવા માટે હંમેશાં પાઠશાળાએ જજો અને આત્માની સમજણ કરીને તમે પણ ભાવિ મહાવીર બનજો.
Always go to religious classes to study whereby you too can become a future Lord Mahavir by understanding your soul..

# વીર પ્રભુનાં સંતાન

## CHILDREN OF LORD MAHAVIR




અમે તો વીર તણાં સંતાન,
We are children of Lord Mahavir.

અમારે ભણવા જૈન સિદ્ધાંત;
We want to learn the principles of Jainism,

ભણવું ગણવું અમને વહાલું,
We like to read and learn.

ગુરુજી પર છે વહાલ............અમે...
We have great affection for our Guru.(1)

ભણતાં ભણતાં મોટા થઇશું,
We will keep on learning while we grow older.


કરશું આત્મનું ભાન;
We will understand our Soul.

ઉપકાર એ ગુરુજી તણો છે,
We are thankful to our Guru for that,

વંદીએ વારંવાર............અમે...
and so we bow to him again and again.......( 2)

# ૧. જીવ

## (1) SOUL




હું જીવ છું.

I am a Soul.

મારામાં જ્ઞાન છે.


I have knowledge.

હું જ્ઞાનથી જાણું છું.

I know through my knowledge.

# ૨. શરીર

## (2) BODY




શરીર અજીવ છે.

The body is a non-Soul.

તેનામાં જ્ઞાન નથી.


It does not have knowledge.

તે કંઇ જાણતું નથી.

It does not know anything.

# ૩. જીવ અને અજીવ

## (3) SOUL AND Non-SOUL




હું જીવ છું. શરીર અજીવ છે.
I am a Soul. The body is a non-Soul.

જીવમાં જ્ઞાન છે. અજીવમાં જ્ઞાન નથી.
The Soul has knowledge. Non-Soul does not have knowledge.

મારામાં જ્ઞાન છે. શરીરમાં જ્ઞાન નથી.
I have knowledge. The body does not have knowledge.

હું મારા જ્ઞાનથી બધાને જાણું છું.
I know everything with my knowledge.


શરીર કોઇને જાણતું નથી.
The body does not know anything.

જીવ અને શરીર જુદાં છે.
The Soul and body are separate.

# ૪. દ્રવ્ય-ગુણ-પર્યાય

## (4) DRAVYA - GUNA - PARYAYA

## Substance - Quality - Modifications (States)




હું જીવ દ્રવ્ય છું.

I am a Soul Substance.

જ્ઞાન મારો ગુણ છે.

I have the Quality of Knowledge.

જાણવું તે મારો પર્યાય છે.

To Know is my Modification - state.

જીવ-દ્રવ્યમાં જ્ઞાન-ગુણ છે.

A Soul Substance has the Quality of Knowledge.

અજીવ-દ્રવ્યમાં જ્ઞાન-ગુણ નથી.

A Non-Soul Substance does not have the Quality of Knowledge.

જીવ-દ્રવ્ય જાણે છે.

A Soul Substance knows.

અજીવ-દ્રવ્ય જાણતું નથી.

A Non-Soul Substance does not know.

# ૫. પરીક્ષા

## (5) EXAMINATION




બાળકો! બોલો તમે કોણ છો? -જીવ જીવ જીવ.
Children, tell me, who are you? Soul, Soul, Soul.

તમારામાં શું છે? -જ્ઞાન જ્ઞાન જ્ઞાન.
What do you have? Knowledge, Knowledge, Knowledge.

તમે શું કરો છો? -જાણીએ છીએ જાણીએ છીએ.
What do you do ? We know, we know.

શરીર કોણ છે? -અજીવ અજીવ અજીવ.
What is the Body? Non-Soul, Non-Soul. Non-Soul.

તેનામાં જ્ઞાન છે? -નથી નથી નથી.
Does it have knowledge? No, No, No.


તે કોઈને જાણે છે? -ના ના ના.
Does it know anything? No, No, No.

શરીર તમારું છે? -ના ના ના.
Is the Body yours? No, No, No.

શરીરનાં કામ તમે કરો છો? -ના ના ના.
Do you do the work of the Body? No, No. No.

# ૬. હા અને ના

## (6) YES AND NO




બોલો, તમે જીવ છો? -હા હા હા.

Tell me: Are you a Soul? Yes, Yes, Yes.

શરીર તે જીવ છે? -ના ના ના.

Is the Body a Soul? No, No, No.

તમારામાં જ્ઞાન છે? -હા હા હા.

Do you have Knowledge? Yes, Yes, Yes.

શરીરમાં જ્ઞાન છે? -ના ના ના.

Does the Body have Knowledge? No, No, No.

તમે બધું જાણો છો? -હા હા હા.

Do you know everything? Yes, Yes, Yes.

શરીર કાંઇ જાણે છે? -ના ના ના.
Does the Body know anything? No, No, No.

તમે શરીરને જાણો છો? -હા હા હા.
Do you know the Body? Yes, Yes, Yes.

તમે શરીરનું કામ કરો છો? -ના ના ના.
Do you do the work of the Body? No, No, No.

તમારે સુખી થવું છે? -હા હા હા.
Do you want to be happy ? Yes, Yes, Yes.


તમારે દુઃખી થવું છે? -ના ના ના.
Do you want to be unhappy? No, No, No.

તમે આત્માને ઓળખશો? -હા હા હા.
Will you understand your Soul? Yes, Yes, Yes.

તમે અજ્ઞાન રાખશો? -ના ના ના.
Will you keep misunderstanding of your Soul? No, No, No.

# ૭. ધર્મ

## (7) RELIGION




મારે સુખી થવું છે.

I want to be happy.

ધર્મ કરે તે સુખી થાય.

Those who practice religion become happy.

ધર્મ ન કરે તે દુઃખી થાય.

Those who do not practice religion become unhappy.

મારે ધર્મ કરવો છે.

I want to practice religion.

જીવમાં ધર્મ થાય છે.

Religion is practiced in one's Soul.

શરીરમાં ધર્મ થતો નથી.

Religion cannot be practiced through/via one's body.

હું જીવ છું, મારામાં ધર્મ થાય છે.

I am a Soul, I can practice religion within myself.

શરીર અજીવ છે, તેમાં ધર્મ થતો નથી.

The Body is a Non-Soul, one cannot practice religion through the body.

જીવ એક દ્રવ્ય છે.


The Soul is a substance.

ધર્મ તેનો પર્યાય છે.

Religion is its modification.

# ૮. સમજણ

## (8) UNDERSTANDING





જ્ઞાનથી ધર્મ થાય છે.
અજ્ઞાનથી અધર્મ થાય છે.
Religion is done through knowledge of the Soul.
Incorrect knowledge leads to practices which are not religious.

જેનામાં જ્ઞાન હોય તે ધર્મ સમજે.
જીવમાં જ્ઞાન છે. જીવ ધર્મ સમજે છે.
શરીરમાં જ્ઞાન નથી, શરીર ધર્મ સમજતું નથી.
Only those who have knowledge of the soul understand religion
The Soul has knowledge. The Soul understands religion.
The Body does not have knowledge. The Body does not understand religion.

હું જીવ છું.
મારામાં જ્ઞાન છે.
મારા જ્ઞાનથી હું ધર્મને સમજું છું.
I am a Soul.
I have knowledge.
I understand religion with my knowledge.

# ૯. ભગવાન

## (9) GOD




[અરિહંત ભગવાન] [સિદ્ધ ભગવાન]

ધર્મ એટલે આત્માની સમજણ.
Religion means understanding the Soul.

આત્માને સમજે તે ભગવાન થાય.
One who understands the Soul becomes God.

ભગવાનને પૂરું જ્ઞાન હોય.
God has complete knowledge.

ભગવાનને જરાય રાગ ન હોય.
God does not have any desires-"likes and dislikes."

ભગવાન બધાયને જાણે.
God knows everything.

ભગવાન કોઇનું કાંઇ કરે નહિ.
God does not do anything for others.

ભગવાનને ભૂખ લાગે નહિ.
God does not feel hungry.

ભગવાન કાંઇ ખાય નહિ.
God does not eat anything.

અરિહંત ભગવાન છે. સિદ્ધ ભગવાન છે.
Arihant is a God. Siddha is a God.

મહાવીર ભગવાન સિદ્ધ છે.
Lord Mahavir is a Siddha.

સીમંધર ભગવાન અરિહંત છે.
Lord Simandhar is an Arihant.

અરિહંતને શરીર હોય છે.
Arihant has a body.

સિદ્ધને શરીર હોતું નથી.
Siddha does not have a body.

હંમેશાં ભગવાનનાં દર્શન કરજો.
Always worship God.

' णमो अरिहंताणं, णमो सिद्धाणं '

# ૧૦. ગુરુ

## (10) GURU




આ એક મુનિ છે. મુનિ આપણા ગુરુ છે.
Here is a Monk. The Monk is our Guru.

તેઓ આત્માના ધ્યાનમાં બેઠા છે.
He is sitting in meditation of the Soul.

પાસે એક કમંડળ છે. બીજી મોરપીંછી છે.
Next to him there is a water container (kamandal). And a peacock feather duster.

સાચા મુનિને આત્મજ્ઞાન હોય છે.
A real Monk has the true knowledge of the Soul.

કુંદકુંદમુનિ આચાર્ય હતા.
Kundkundmuni was an Acharya (a Leader of Monks).

આચાર્ય તે મુનિ છે. ઉપાધ્યાય તે મુનિ છે.
An Acharya is a Monk. An Upadhyay is also a Monk.

સાધુ તે મુનિ છે.
A Sadhu is also a Monk.

બધા મુનિ આપણા ગુરુ છે.
All Monks are our gurus.

ગુરુ આપણને ધર્મનો ઉપદેશ આપે છે.
The Guru preaches religion to us.

હંમેશાં ગુરુનાં દર્શન કરજો.
Always worship the Guru.


તથા તેમનો વિનય અને ભક્તિ કરજો.
And always be devotional and respectful to him.

‘ णमो आइरियाणं, णमो उवज्झायाणं
णमो लोए सव्व साहूणं ’

# ૧૧. શાસ્ત્ર

# (11) THE SCRIPTURE




http://www.jainism.free-online.co.uk http://www.AtmaDharma.com

આ સમયસાર છે. તે એક શાસ્ત્ર છે.
This is "SAMAYSAAR". It is a scripture.

શાસ્ત્રો આત્મા બતાવે છે.
The scriptures describe the Soul.

જ્ઞાની રચે તેને શાસ્ત્ર કહેવાય.
The writings of those who have true knowledge of the Soul are called scriptures.

તે શાસ્ત્રથી આત્મા સમજાય.
The Soul can be understood from these scriptures.

શાસ્ત્રને જિનવાણી કહેવાય છે.
The scriptures are known as "the preachings of God".

શાસ્ત્રમાં જ્ઞાન નથી, શાસ્ત્ર કાંઇ જાણતું નથી.
The scriptures do not have knowledge, scriptures do not know anything.

જીવમાં જ્ઞાન છે; જીવ બધું જાણે છે.
The Soul has knowledge; the Soul knows everything.

સમયસાર-શાસ્ત્ર બહુ સરસ છે.
Samaysaar is a very good scripture.

તેનાથી આત્મા સમજાય છે.
The Soul can be understood by studying it.


કુંદકુંદમુનિએ તે લખ્યું છે.
Kundkundmuni has written it.

હંમેશાં શાસ્ત્રનાં દર્શન કરજો.
Always worship the scriptures.

અને તેનું વાંચન-મનન કરજો.
And read and contemplate on them.

# ૧૨. જૈન બાળકનું હાલરડું


## (12) LULLABY OF A JAIN CHILD







' અરિહંત ' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, અરિહંત થવું સહેલ છે.
Arihant is your Father, Jinvani is your mother,
My friend! It is easy to become an Arihant.
[Arihant = God with Body], [Jinvani = Preaching of God]





' પ્રભુસિદ્ધ ' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, પ્રભુ સિદ્ધ થાવું સહેલ છે.
Lord Siddha is your father, Jinvani is your mother,


My friend! It is easy to become Lord Siddha.
[Siddha = God without Body]




' આચાર્ય ' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, આચાર્ય થાવું સહેલ છે.
Acharya is your father, Jinvani is your mother,
My friend! It is easy to become an Acharya.
[Acharya = Head of Monks]




' ઉપાધ્યાય ' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, ઉપાધ્યાય થાવું સહેલ છે.
Upadhyay is your father, Jinvani is your mother,
My friend! It is easy to become an Upadhyay.
[Upadhyay = Teacher of Monks]




' સાધુજી ' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, સાધુજી થાવું સહેલ છે.

Muniraj is your father, Jinvani is your mother,
My friend! It is easy to become a Muniraj.
[Muniraj = Jain Monk]





' જિનશાસન ' તારો ધર્મ, સ્વભાવ એનો મર્મ,
મારા બંધુ, ધરમ સમજવો સહેલ છે.

Jainism is your religion, the nature of the Soul is its essence,
My friend! It is easy to understand religion.

# ૧૩. સમ્યગ્દર્શન

## (13) SAMYAKT DARSHAN (Correct Belief)




સમ્યક્ દર્શન એટલે સાચી શ્રદ્ધા.
Samyakt-Darshan means Correct Belief.

સાચી શ્રદ્ધા એટલે આત્માનો વિશ્વાસ.
Correct Belief means confidence in the Soul.

પોતાનો આત્મા પૂરો છે, પોતાનો આત્મા ભગવાન છે.
One's Soul is complete in all respects, One's Soul is God.

પોતાના આત્માનો વિશ્વાસ કરે તો સમ્યગ્દર્શન થાય.
Samyakt-Darshan is attained by developing faith in the Soul.

સમ્યગ્દર્શન થાય એટલે જરૂર મોક્ષ થાય.
Once Samyakt-Darshan is attained, Moksh (complete liberation of the Soul) definitely follows.

સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે.
Samyakt-Darshan is the root of religion.

સમ્યગ્દર્શન દરેક જીવને બહુ જરૂરનું છે.
Samyakt-Darshan is essential for all Souls.

સમ્યગ્દર્શન વગર જ જીવ સંસારમાં રખડે છે.

In the absence of Samyakt-Darshan alone, the Soul is wandering in a bonded state.

સમ્યગ્દર્શન વગર કદી ધર્મ થતો નથી.

Without Samyakt-Darshan, religion cannot be practiced.

જીવની સાચી શ્રદ્ધા તે જ સૌથી પહેલો ધર્મ છે.

Correct belief of the Soul is the first step of Religion.

જીવની ખોટી શ્રદ્ધા તે જ સૌથી મોટું પાપ છે.

False belief of the Soul is the biggest sin of all.


‘ સૌથી પહેલાં શું કરશો? ’
‘ સમ્યગ્દર્શનનો અભ્યાસ.’

So what will you do first?
"Study of Samyakt-Darshan".

# ૧૪. સમ્યગ્જ્ઞાન

## (14) SAMYAKT-GNAN

## (Correct-Knowledge)




સમ્યક્ જ્ઞાન એટલે સાચી સમજણ.
Samyakt Gyan (Correct-Knowledge) means correct understanding.

સાચી સમજણ એટલે આત્માની ઓળખાણ.
Correct understanding means knowledge of the Soul.

આત્મા જ્ઞાનવાળો જ છે, આત્મા શરીરથી જુદો છે,
The Soul is full of knowledge; the Soul is separate from the body;

જીવને રાગ થાય છે તે તેનો ગુણ નથી.
The Soul's desires of 'likes and dislikes' are not its real qualities.

આમ સમજે તો સાચું જ્ઞાન થાય.
Those who understand this attain Correct-Knowledge.

સાચું જ્ઞાન થાય એટલે ખોટું જ્ઞાન ટળે.
As Correct-Knowledge arises, false knowledge or ignorance disappears

સાચું જ્ઞાન થાય એટલે સુખ પ્રગટે.
As Correct-Knowledge arises, happiness emerges.

સાચું જ્ઞાન થાય એટલે ધર્મ થાય.
Correct-Knowledge leads to the practice of religion.

સાચું જ્ઞાન થાય એટલે સંસારથી છૂટે.
Once Correct-Knowledge is attained, the Soul stops from wandering in a bonded state.

સાચું જ્ઞાન થાય એટલે પોતે ભગવાન થાય.
Once Correct-Knowledge is attained, one becomes God.

સાચું જ્ઞાન તે સૌથી પહેલો ધર્મ છે.
Correct-Knowledge is the first step of religion.

અજ્ઞાન તે સૌથી મોટું પાપ છે.
Incorrect/False-Knowledge is the biggest sin of all.

' તમે શું કરશો? '
' આત્માનું સાચું જ્ઞાન કરજો, ને અજ્ઞાન ટાળજો.
What do you intend to do?
"Attain Correct-Knowledge of the Soul, and remove false knowledge."

# ૧૫. સમ્યક્ ચારિત્ર
## (15) SAMYAKT-CHARITRA
## (Correct-Conduct)




સમ્યક્ ચારિત્ર એટલે સાચું આચરણ
Samyakt-Charitra means Correct-Conduct.

આત્માને ઓળખીને તેમાં રહેવું તે સાચું ચારિત્ર છે.
જે આત્માને ઓળખે તેને જ સાચું ચારિત્ર હોય.
જે આત્માને ન ઓળખે તેને સાચું ચારિત્ર હોય નહિ.
Recognising your Soul and then being in it is Correct-Conduct.
Only those who understand the Soul can have Correct-Conduct.
Those who do not understand the Soul cannot have Correct-Conduct.

સમ્યક્ ચારિત્ર તે સમભાવ છે.
સમ્યક્ ચારિત્ર તે શાંતિ છે.
સમ્યક્ ચારિત્ર તે ધર્મ છે.
Correct-Conduct is Equanimity.
Correct-Conduct is Peace.
Correct-Conduct is Religion.

જેને સમ્યક્ ચારિત્ર હોય તેને મુનિ કહેવાય છે.
સમ્યક્ ચારિત્રથી ઝટ મોક્ષ મળે છે.
He who has Correct-Conduct is called a Monk.
Correct Conduct leads you to attaing Moksha quickly.

પહેલાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, પછી સમ્યક્ચારિત્ર.
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે ભેગાં
થઈને મોક્ષનો માર્ગ છે; બીજી કોઈ રીતે મોક્ષ થતો નથી.
First Correct Belief and Correct-Knowledge, then Correct-Conduct.
Correct Belief, Correct-Knowledge and Correct-Conduct combined form the path to Moksh (complete liberation); there is no other way to Moksh.

બાળકો, તમે પણ આત્માની ઓળખાણ કરીને
સમ્યક્ ચારિત્રની ભાવના કરજો.
Children, you too should understand the Soul and then aim for Correct-Conduct.

# ૧૬. જૈન

# (16) JAIN




જૈન એટલે જીતનાર.
Jain means conqueror.

જૈન ધર્મ એટલે આત્માનો સ્વભાવ
Jain religion means the nature of the Soul.

આત્માને ઓળખે તે જૈન કહેવાય.
One who understands the Soul is called a Jain.

આત્માને ઓળખીને અજ્ઞાનને જીતે તે જૈન.
One who conquers ignorance by understanding the Soul is called a Jain.

આત્માના વીતરાગભાવથી રાગ-દ્વેષને જીતે તે જૈન.
One who conquers the emotions of likes and dislikes by the pure nature of the Soul is called a Jain.

જેણે રાગ દ્વેષ ટાળયા છે તે જિનદેવ છે.
The one who has completely removed the emotions of likes and dislikes is called "Jindev".

જિનદેવ તે જ સાચા ભગવાન છે.
Only Jindev is a true God.

ભગવાન સર્વજ્ઞ છે, ભગવાન વીતરાગ છે.
God is omniscient (knows all substances and all their past, present and future states), God is free of emotions of likes and dislikes.

જૈનો માંસ ખાય નહિ. જૈનો મધ ખાય નહિ.
Jains do not eat meat. Jains do not eat honey.

જૈનો દારૂ પીએ નહિ. જૈનો ઇંડા ખાય નહિ.
Jains do not drink alcohol. Jains do not eat eggs.

'જૈનધર્મ અનેકાંતવાદી છે.'
Jainism includes all view-points.

# ૧૭. રાજાની વાર્તા

## (17) THE STORY OF A KING

એક હતો રાજા.
Once there was a King.

તે જંગલમાં શિકાર કરવા ગયો.
He went to hunt in the Jungle.

જંગલમાં એક મુનિ હતા. રાજાએ તેમને વંદન કર્યું.
He met a Monk in the Jungle. The King paid his respects to the Monk.







મુનિએ કહ્યું-હે રાજન્! શિકાર કરવાથી પાપ થાય છે. પાપથી જીવ નરકમાં જાય છે; ત્યાં તે બહુ દુઃખી થાય છે.
The Monk said "Dear King! Hunting is a sin. Sins take Souls to hell; there the Soul suffers a lot of pain and unhappiness."

તે સાંભળીને રાજા રોઈ પડયો. અને મુનિને પૂછ્યું -પ્રભો મારાં પાપ કેમ ટળે? ને હું સુખી કેમ થાઉં?
The King cried upon hearing this and asked the Monk "My Lord how can I remove my sins? And how can I be happy?"

મુનિએ કહ્યું -હે રાજન્! સુખ તારા આત્મામાં છે, તું શિકાર કરવો છોડી દે, ને આત્માની સમજણ કર. તેથી તું સુખી થઈશ.
The Monk replied, "Dear King! Happiness is within your Soul. Give up hunting and understand your Soul. This will give you happiness."

પછી રાજાએ શિકાર છોડી દીધો. મુનિ પાસે રહીને આત્માની સમજણ કરીને સુખી થયો.
The King then gave up hunting. He stayed with the Monk and understood the Soul and became very happy.


છેવટે, તે સંસારથી છૂટીને મોક્ષ પામ્યો.
પાપ છોડો, આત્માને સમજો, તો સુખી થશો.

In the end, he attained complete liberation from wandering in the universe and attained "Moksh".

Give up sins, understand your Soul and be happy.

# ૧૮. મુક્ત અને સંસારી

## (18) LIBERATED AND WORLDY SOULS




જીવો બે પ્રકારનાં છે-એક મુક્ત ને બીજા સંસારી.

There are two types of Souls - liberated and worldly.

મુક્ત જીવો શુદ્ધ છે, સંસારી જીવો અશુદ્ધ છે.

The liberated Souls are pure, worldly Souls are impure (in paryaay, dravya is always pure).

મુક્ત જીવો મોક્ષમાં રહે છે, તેઓને પૂરું સુખ છે.

The liberated Souls live in "Moksh", they have complete happiness.

તેઓને રાગ-દ્વેષ નથી, તેઓને જન્મ-મરણ નથી.

They do not have emotions of likes and dislikes, they do not have births and deaths.

તેઓ કદી સંસારમાં આવતા નથી,

They never return to the worldly existence.

તેઓ બીજાનું કાંઇ કરતા નથી.

They cannot do anything for other substances.

સિદ્ધ ભગવાન મુક્ત-જીવ છ.

Siddha Bhagwan is a liberated Soul.

અરિહંત ભગવાન પણ જીવનમુક્ત છે.

Arihant Bhagwan is also a liberated Soul(but with a body).

સંસારી જીવોને જન્મ-મરણ હોય છે.

Worldly Souls have births and deaths.

સ્વર્ગના જીવો સંસારી છે. નરકના જીવો સંસારી છે.

The Souls in heaven are worldly. The Souls in hell are worldly.

ઢોરના જીવો સંસારી છે. માણસના જીવો સંસારી છે.

The Souls in the animal Kingdom are worldly. The Souls in human form are worldly.

સંસારી જીવો દુઃખી છે, મુક્ત જીવો સુખી છે.

Worldly Souls are unhappy; liberated Souls are happy.

આત્માને ન ઓળખે ત્યાંસુધી જીવ સંસારમાં રખડે છે.


Until the Soul understands itself, it continues to wander in the world.

આત્માને ઓળખે તો જરૂર મુક્તિ પામે છે.

If one understands the soul then one definitely achieves liberation.

# ૧૯. કર્મ

## (19) SOUL AND KARMA




કર્મ અજીવ છે.

Karma is a Non-Soul matter.

કર્મમાં જ્ઞાન નથી.

Karma does not have knowledge.

જીવમાં જ્ઞાન છે.

The Soul has knowledge.

કર્મ અને જીવ જુદાં છે.

Karma and the Soul are distinctly separate.

જીવમાં કર્મ નથી.

Soul does not have Karma.

કર્મમાં જીવ નથી.

Karma does not have Soul.

જીવ અજ્ઞાનથી હેરાન થાય છે.

The Soul is troubled because of his incorrect knowledge.

કર્મો જીવને હેરાન કરતાં નથી.

Karma does not trouble the Soul.

જીવ પોતાની ભૂલથી દુઃખી થાય છે.

The Soul is unhappy due to its own mistakes.

કર્મો જીવને દુઃખી કરતાં નથી.

Karmas do not make the Soul unhappy.

જીવની ઓળખાણ કરવી.
One should understand the soul.
કર્મોનો વાંક કાઢવો નહિ
Do not blame the Karmas.
જીવને ઓળખવો તે ધર્મ છે.
Understanding the Soul is Religion.
કર્મનો વાંક કાઢવો તે અધર્મ છે.
Blaming Karmas is the incorrect practice of religion.

# ૨૦. શ્રી મહાવીર ભગવાન

## (20) LORD MAHAVIR




તમે મહાવીર ભગવાનને ઓળખો છો? જેમ તમે આત્મા છો તેમ મહાવીર ભગવાન એક આત્મા છે, તેમણે આત્માની ઓળખાણ કરી, ને રાગ-દ્વેષ ટાળયા તેથી તેઓ ભગવાન થયા. તમે એમ કરો તો તમે પણ ભગવાન થાવ.

Do you know Mahavir Bhagwan? Mahavir Bhagwan is a Soul just like you, he attained true knowledge of the Soul, removed the emotions of likes and dislikes completely and became God. You too will become God if you do the same.

‘ મહાવીર ’ ના પિતાશ્રીનું નામ સિદ્ધાર્થ રાજા, ને માતાજીનું નામ ત્રિશલાદેવી; તેમનો જન્મ ચૈત્ર સુદ ૧૩ના દિવસે વૈશાલીના કુંડગ્રામમાં થયો હતો. જન્મથી જ તેઓ મહાન આત્મજ્ઞાની અને વૈરાગી હતા. સ્વર્ગમાંથી દેવો તેમની સેવા કરવા આવતા, અને નાના બાળકનું રૂપ કરીને તેમની સાથે રમતા હતા.

"Mahavir's" father was King Siddartha. His mother's name was Trishaladevi. He was born on the thirteenth day of the increasing moon of the lunar calendar month of Chaitra in the city of Kundgram-Vaishali in India. Right from his birth, he was greatly knowledgeable of the Soul and was indifferent to the worldly pleasures. Heavenly beings used to serve him and play with him in the form of children.





રમતમાં એકવાર એક દેવે મોટા નાગનું રૂપ લીધું, ને બધા બાળકોને બિવરાવવા લાગ્યો; પણ મહાવીરે તો તેને ઉપાડીને દૂર ફેંકી દીધો.

Once, one of those heavenly beings took the form of a big snake and began to frighten all the children; but Mahavir picked up the snake and threw it away.

વળી એકવાર રાજાનો હાથી ગાંડો થઈને ભાગ્યો, ને લોકોને હેરાન કરવા લાગ્યો, નાનકડા મહાવીરે જઈને તેને શાંત કર્યો.

Also, on another day an elephant of the King became mad and started harrassing the people, Prince Mahavir went up to him and calmed him down.




રાજકુમાર મહાવીર જ્યારે મોટા થયા ત્યારે એકવાર તેમને પોતાના પૂર્વભવનું જ્ઞાન થયું.

When Prince Mahavir grew up, he gained memories of his previous life.




પૂર્વભવનું જ્ઞાન થતાં તેમને ઘણો જ વૈરાગ્ય જાગ્યો, તેથી તેઓ દીક્ષા લઈને મુનિ થયા.

He became even more detached from worldly affairs as a result of knowing his previous lives and he became a Monk.





તેમને આત્માની ઓળખાણ તો હતી જ. મુનિ થયા પછી તેઓ આત્માનું બહુ જ ધ્યાન કરવા લાગ્યા. આત્માના ધ્યાનથી તેમના જ્ઞાનની શુદ્ધતા વધવા માંડી અને રાગ તૂટવા માંડ્યો. એમ કરતા કરતાં બધોય રાગ ટળી ગયો અને પૂરેપૂરું જ્ઞાન ઊઘડી ગયું; એટલે તેઓ ભગવાન થયા, -અરિહંત થયા.

He already had correct knowledge of the Soul. After becoming a Monk he went into deep meditation of the Soul. As a result of his deep meditation of the Soul, his knowledge became purer and his impure emotions started to decrease. In due course he attained complete detachment from impure emotions and also attained complete and supreme knowledge, thus becoming a God - Arihant Bhagwan.

પછી તેમણે ધર્મનો ઉપદેશ આપવા માંડ્યો. ઉપદેશ સાંભળવા માટે જીવોનાં ટોળે ટોળાં આવ્યા: સ્વર્ગના દેવો આવ્યા, ને મોટા રાજા આવ્યા. આઠ વર્ષનાં બાળકો પણ આવ્યા ને આત્માની સમજણ પામ્યાં. જંગલ માંથી સિંહ આવ્યા, વાઘ આવ્યા, હાથી આવ્યા, વાંદરા આવ્યા, મોટા નાગ આવ્યા ને નાનકડાં દેડકાં પણ આવ્યા, -ને આત્માની સમજણ પામ્યા.

He then started preaching the true principles of religion. Huge numbers of Souls gathered to hear him: including heavenly beings and important Kings. Even eight year old children came and gained correct understanding of the Soul. Lions, tigers, elephants, monkeys, big snakes and little frogs came too from the jungle - and correctly understood the Soul.




મહાવીર ભગવાને ઘણા વર્ષ ધર્મનો ઉપદેશ આપીને જૈનધર્મનો બહુ જ ફેલાવો કર્યો. છેવટે પાવાપુરીમાં તેઓ મોક્ષ પામ્યા. પહેલાં તેઓ અરિહંત હતા, હવે સિદ્ધ થયા. આસો વદ અમાસના પરોઢિયે ભગવાન મોક્ષ પામ્યા, તેથી તે દિવસે દીપાવલિ-મહોત્સવ થાય છે. અત્યારે મહાવીર ભગવાન મોક્ષમાં બિરાજે છે, ત્યાં તેઓ પૂર્ણ આનંદમાં છે.


Mahavir Bhagwan preached religion for many years and spread the principles of Jainism far and wide. In the end he attained Nirvana (Moksh) from Pavapuri in the state of Bihar. Before attaining Nirvana he was Arihant (God with body); He is now Siddha (God without body). He attained Nirvana just before dawn on the fourteenth day of the decreasing moon of the lunar calendar month of Kartik. That day is celebrated by everyone as Dipawali. Today Mahavir Bhagwan is in Moksh, where he lives in complete happiness.

બાળકો, મહાવીર ભગવાનની જેમ તમે પણ આત્માને ઓળખો, રાગ-દ્વેષ ટાળો ને મોક્ષ પામો.

Children, you should also obtain correct understanding of the Soul, remove emotions of likes and dislikes and attain Moksh like Mahavir Bhagwan.

# ૨૧. આટલું કરજો

## (21) DO THIS MUCH




બાળકો! સવારમાં વહેલા ઊઠજો.
Children! Rise early in the morning.

ઊઠીને આત્માનો વિચાર કરજો.
Think about your Soul upon waking up.

પ્રભુનું સ્મરણ કરજો ને નમસ્કાર-મંત્ર બોલજો.
Remember God and recite Namaskar-Mantra.

પછી ચોખ્ખાં કપડાં પહેરીને જિનમંદિરે જજો.
Wear clean clothes and go to the Jain-Temple.

જિનમંદિરે જઈને ભગવાનનાં દર્શન કરજો.
In the Jain-Temple, worship God.

પછી શાસ્ત્રને વંદન કરજો.
Then, bow to the scriptures.

અને તેનું વાંચન કરજો.
And study them.

પછી ગુરુજીનાં દર્શન કરજો.
Then, bow to the Monks.

તેમનો ઉપદેશ સાંભળજો, ને સાંભળીને વિચાર કરજો.
Listen to their preachings; then meditate upon those teachings.

દરરોજ આટલું કરજો.
Do this much everyday.

એમ કરવાથી તમારું જીવન પવિત્ર થશે.
This will make your life pure.

# ૨૨. સારી સારી શિખામણ

## (22) REAL GOOD ADVICE




(૧) તું આત્માને ભૂલીશ નહિ, હિંસા કદી કરીશ નહિ.

1. Do not forget your Soul; never be violent.

(૨) તું ભગવાનને ભૂલીશ નહિ, ખોટું કદી બોલીશ નહિ.

2. Do not forget God; never tell lies.

(૩) તું ગુરુસ્તુતિને ભૂલીશ નહિ, ચોરી કદી કરીશ નહિ.

3. Do not forget to pray to Monks; never steal.

(૪) તું શાસ્ત્ર જ્યાં-ત્યાં મૂકીશ નહિ, રાત્રે કદી જમીશ નહિ.

4. Do not leave religious books helter-skelter; never eat after sunset.

(૫) તું સદા સંતોષથી રહેજે, મમતા કદી કરીશ નહિ.


5. Always lead a contented life; never be possessive and greedy.

(૬) તું સારી શિખામણ માનજે, એટલું બરાબર કરજે.

6. Accept good advice; do this much properly.

# ૨૩. કદી......નહિ

## (23) NEVER........NEVER




કદી ધર્મ છોડશો નહિ.
Never neglect religion.

કદી ક્રોધ કરશો નહિ.
Never be angry.

કદી હઠ કરશો નહિ.
Never be obstinate.

કદી કપટ કરશો નહિ.
Never cheat.

કદી લાલચ કરશો નહિ.
Never be greedy.

કદી દયા છોડશો નહિ.
Never be unkind.

કદી ભય કરશો નહિ.
Never be afraid of anything.

કદી પ્રમાદ કરશો નહિ.
Never be lazy.

કદી જુગાર રમશો નહિ.
Never gamble.

કદી ખોટાને માનશો નહિ.
Never believe or follow wrong principles.

કદી નિંદા કરશો નહિ.
Never speak ill of any body.

કદી દોષ છુપાવશો નહિ.
Never conceal your faults.

# ૨૪. ધૂન

## (24) CHANTING




(૧) ‘ આતમ-ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે. ’

1. The Soul attains omniscience through continuous meditation of the Soul.

(૨) ‘ સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ. ’

2. I am a naturally blissful, naturally pure, indestructible Soul.

(૩) ‘ દેવ અમારા શ્રી અરિહંત, ગુરુ અમારા નિર્ગ્રંથ સંત. ’

3. Our lord is Shree Arihant, our Guru is the possessionless Monk.

(૪) ‘ હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન-દર્શનમય ખરે. ’

4. I am one, pure, always invisible to the eye, truly made of knowledge-awareness.

(૫) ‘ દેહ મરે ભલે, હું નથી મરતો, અજર અમર હું આત્મસ્વરૂપ. ’


5. The body may die, I do not die, without age or death - I am the Soul by nature.

(૬) ‘ મહાવીર કી જય, ગુરુ ગૌતમ કી જય, ગુરુરાજ કૃપાળુ કી જય જય જય.’

6. Lord Mahavir live forever, Guru Gautam live forever, compassionate Gururaj live forever, live forever, live forever.

# ૨૫. વંદન

## (25) PRAYER




(૧) વંદન અમારાં પ્રભુજી તમને...
વંદન અમારાં ગુરુજી તમને...વંદન...

1. We worship our God, We worship our Gurudev.

(૨) વંદન અમારાં સિદ્ધ પ્રભુને...
વંદન અમારાં અરિહંત દેવને...વંદન...

2. We worship our Siddha Bhagwan, We worship our Arihant Bhagwan.

(૩) વંદન અમારાં સૌ મુનિરાજને...
વંદન અમારાં ધર્મ-શાસ્ત્રોને...વંદન...

3. We worship all our Monks, We worship our scriptures.

(૪) વંદન અમારાં બધા જ્ઞાનીને...
વંદન અમારાં ચૈતન્ય દેવને...વંદન...


4. We worship all the enlightened Souls, We worship our own pure Souls.

(૫) વંદન અમારાં આત્મસ્વભાવને...
વંદન અમારાં આત્મ-ભગવાનને-વંદન...

5. We worship our pure nature of the Soul, We worship our Soul-Bhagwan.

# ૨૬. આતમદેવ

## (26) MY PURE SOUL




૧. મારે જોવો-આતમદેવ કેવો હશે?
દેવ કેવો હશે, શું કરતો હશે?-મારે...

1. I want to see - what must my pure Soul be like?
What is the pure Soul like, what does it do? - I want to see...........

૨. પોતે દેવાધિદેવ, પોતે ભગવાન જે,
પોતે પરમેશ્વર કેવો હશે?-મારે...

2. Itself Lord of Lords, itself God,
What must this God itself be like? - I want to see...........

૩. જાણે બધુંય વિશ્વ ઝળકે બધુંય જ્યાં,
દર્પણ સમાન દેવ કેવો હશે?-મારે...

3. Knowing everything - the whole universe is reflected there,
What must this mirror-like God be like? - I want to see...........

૪. જુદો જગતથી ને જુદો શરીરથી,
આનંદે એકમેક કેવો હશે?-મારે...

4. Detached from the world and detached from the body,
What must this totally blissful Soul be like? - I want to see...........

૫. જન્મ-મરણ નહિ, રાજા કે રંક નહિ,
સાગર આનંદનો કેવો હશે?-મારે...

5. No births-deaths, neither king nor pauper,
What must this ocean of happiness be like? - I want to see...........

૬. આંખે દેખાય નહિ, કાને સુણાય નહિ,
જ્ઞાને સમાય એ કેવો હશે?-મારે...

6. Cannot be seen with the eye, cannot be heard by the ear,
What must this Soul which can only be known by knowledge be like? - I want to see...........

# ૨૭. મને બતાવો!

## (27) PLEASE SHOW ME




૧. મને બતાવો, આત્મા કેવો હશે!
એ કેવો હશે, ક્યાં રહેતો હશે!...મને...

1. Please show me, what must the Soul be like!
What is he like, where does he stay?....Please...

૨. જાણે બધું ને દેખે બધું જે,
-એવો તે આત્મા કેવો હશે?...મને...

2. Knows everything and sees everything,
I want to know what kind of Soul is like?....Please...

૩. પોતે છે ભગવાન, પોતે છે સિદ્ધ,
પોતે છે જ્ઞાનનો દરિયો રે...મને...

3. Itself Bhagwan, itself Siddha,
Itself an ocean of knowledge.....Please...

૪. શરીરથી જુદો ને વાણીથી જુદો,
વળી છે સુખથી ભરિયો રે...મને...

4. Distinct from the body and distinct from speech,
Also full of happiness.....Please...

૫. જન્મ વગરનો ને મરણ વગરનો,
રાગ વગરનો-કેવો હશે!...મને...


5. Free of birth and free of death,
Free of emotions - what must the Soul be like?.....Please...

૬. આંખે દેખાય નહિ, જ્ઞાને જણાય જે,
મારે તે જીવને જોવો છે...મને...

6. Cannot be seen by the eye, yet can be experienced by knowledge,
I want to see this Soul......Please...

# ૨૮. મારી ભાવના

## (28) MY PRAYERS




(૧) મારે પ્રભુનાં દર્શન કરવાં છે;
મારે આત્માનાં દર્શન કરવાં છે...મારે...

1. I want to worship God;
I want to experience my Soul... I want...

(૨) મારે જ્ઞાનીની સેવા કરવી છે;
મારે સમજણ સાચી કરવી છે...મારે...

2. I want to serve those with Correct-Knowledge;
I want to attain Correct-Knowledge... I want...

(૩) મારે શાસ્ત્રનો અભ્યાસ કરવો છે;
મારે મોહ દૂર કરવો છે...મારે...

3. I want to study the Scriptures;
I want to eliminate false-belief and false-conduct... I want...

(૪) મારે વૈરાગ્ય સાચો કરવો છે;
મારે સંગ મુનિનો કરવો છે...મારે...

4. I truly want to be detached from the world;
I want to be in the company of Monks... I want...

(૫) મારે સંસારમાંથી છૂટવું છે;
મારે ઝટ ઝટ મોક્ષે જાવું છે...મારે...

5. I wish to be free from worldly attachments;
I want to attain Moksh quickly... I want...

# * જૈન બાળપોથીનાં પ્રશ્નો *

## QUESTIONS

બાળકો, તમે આ બાળપોથી શીખી ગયા; હવે નીચેના પ્રશ્નોના જવાબ શોધો. આથી તમારો અભ્યાસ પાકો થશે, અને તમને મજા આવશે. આ પ્રશ્નો પરીક્ષા માટે પણ ઉપયોગી થશે, અને બાળકોને એકબીજા સાથે પ્રશ્નોત્તરી કરવામાં પણ ઉપયોગી થશે.

(Children, now that you have studied this book, try to find the correct answers to the following questions. It will help you revise what you have studied and it is fun too! These questions will be helpful for examination purposes as well as for asking questions and answers amongst your friends.)

૧. હું કોણ છું?
1. Who am I?

૨. મારામાં શું છે?
2. What do I have?

૩. આપણે કોના સંતાન?
3. Whose children are we?

૪. તમને શું ભણવું ગમે?
4. What do. you like to study?

૫. મોટા થઈને શું કરશો?
5. What will you do when you grow up?

૬. તમે જીવ કે શરીર?
6. Are you a Soul or a Body?

૭. જ્ઞાન જીવમાં હોય કે શરીરમાં?
7. Who has Knowledge - the Soul or the Body?

૮. જીવ અને શરીરમાં શું ફેર?
8. What is the distinction between the Soul and the Body?

૯. જીવ અને શરીર એક કે જૂદાં?
9. Are the Body and the Soul one or separate?

૧૦. તમે શેનાથી જાણો છો?
10. How or by what means do you know?

૧૧. આ આંખ વગર જાણી શકાય?
11. Can you see without eyes?

૧૨. શરીર કોને જાણે છે?
12. Does the Body know anything?

૧૩. તમે કયું દ્રવ્ય છો? જીવ કે અજીવ?
13. Which Dravya (substance) are you ? Soul or Non-Soul?

૧૪. તમારામાં કયો ગુણ છે?
14. Which quality do you have?

૧૫. જાણવું તે કોની પર્યાય છે?
15. Whose Modification (state) is "to know"?

૧૬. જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય, તેમનામાં શું ફેર?
16. What is the difference between Soul substance and Non-Soul substance?

૧૭. શરીર કોણ છે?
17. Who is the Body?

૧૮. તમે કોણ છો?
18. Who are you?

૧૯. જીવ શરીરનાં કામ કરે?
19. Can the Soul do the work of the Body?

૨૦. જીવ શરીરને જાણે?
20. Does the Soul know the Body?

૨૧. શરીરમાં જ્ઞાન હોય?
21. Does the Body have "Knowledge"?

૨૨. સુખી થવા માટે તમે શું કરશો?
22. What will you do to be happy?

૨૩. ધર્મ કરવાથી શું થાય?
23. What happens when you practice religion?

૨૪. આત્માને ઓળખ્યા વગર સુખ થાય કે નહીં?
24. Can one be happy without knowing the Soul?

૨૫. પૈસાથી સુખ મળે કે નહીં?
25. Can one be happy by obtaining wealth?

૨૬. ધર્મ ન કરે તો જીવને શું થાય?
26. What will happen to the Soul if it does not practice religion?

૨૭. ધર્મ જીવમાં થાય કે શરીરમાં?
27. Is religion practiced in the Body or in the Soul?

૨૮. ધર્મ દ્રવ્ય છે કે પર્યાય?
28. Is practicing religion a substance or modification?

૨૯. ધર્મ તે કોની પર્યાય છે?
29. Whose modification is practicing religion?

૩૦. તમે કેવી રીતે ધર્મ કરશો?
30. How will you practice religion?

૩૧. ધર્મ શેમાં થાય?
31. What can practice religion?

૩૨. ધર્મ શેનાથી થાય?-શરીરથી કે જ્ઞાનથી?
32. What is the tool for practicing religion? Body or Knowledge?

૩૩. ધર્મ એટલે શું?
33. What does practicing religion mean?

૩૪. ભગવાન થવું હોય તો શું કરવું?
34. What should you do to become God?

૩૫. ભગવાનને શું હોય? ને શું ન હોય?
35. What does God possess? And what does he not possess?

૩૬. ભગવાન કાંઈ ખાય?
36 Does God eat anything?

૩૭. અરિહંત અને સિદ્ધમાં શું ફેર?
37. What is the difference between Arihant and Siddha?

૩૮. મહાવીરભગવાન અત્યારે સિદ્ધ છે કે અરિહંત?
38. At present, is Mahavir Bhagwan Arihant or Siddha?

૩૯. અત્યારે અરિહંત હોય તે ભગવાનનું નામ શું?
39. Name a God who is Arihant at present?

૪૦. ' નમસ્કારમંત્ર ' લખો ( શુદ્ધ અને સુંદર અક્ષરમાં )
40. Write the Namaskar Mantra.

૪૧. જંગલમાં ધ્યાનમાં કોણ બેઠું છે?
41. Who is seated in meditation in the jungle?

૪૨. આપણા ગુરુ કોણ છે?
42. Who is our Guru?

૪૩. ગુરુના પાઠમાં એક આચાર્યનું નામ લખ્યું છે, તે કોણ?
43. Which Acharya or Head of Monks is named in the chapter on "Guru"?

૪૪. એક મોટા શાસ્ત્રનું નામ લખો?
44. Write the name of a major scripture.

૪૫. શાસ્ત્ર આપણને શું સમજાવે છે?
45. What do Scriptures teach us?

૪૬. જ્ઞાન શાસ્ત્રમાં હોય કે જીવમાં?
46. Does the Soul or the Scriptures possess knowledge?

૪૭. તમે કદી સમયસાર શાસ્ત્ર હાથમાં લઈને જોયું છે?
47. Have you ever held the Scripture "Samaysaar" and looked at it?

૪૮. શાસ્ત્ર કોને કહેવાય?
48. What is a Scripture? And what is a non-Scripture?

૪૯. સમયસાર શાસ્ત્ર કોણે રચ્યું છે?
49. Who is the author of Samaysaar?

૫૦. એક માતા બાળકને માટે કેવું હાલરડું ગાય છે?
50. What kind of a lullaby does a mother sing to her child?

૫૧. આપણી ધાર્મિક માતા કોણ?
51. Who is our religious mother?

૫૨. સાચી શ્રદ્ધાને શું કહેવાય?
52. What is the name of Correct Belief?

૫૩. સમ્યગ્દર્શન થાય તેને શું મળે?
53. What does the person who attains Samyak Darshan obtain?

૫૪. ધર્મનું મૂળ શું છે?
54. What is the root of practicing religion?

૫૫. જીવ સંસારમાં કેમ રખડયો?
55. Why has the Soul wandered in the Universe?

૫૬. સૌથી પહેલો ધર્મ કયો?
56. What is the very first step of religion?

૫૭. સૌથી મોટું પાપ શું?
57. What is the biggest sin?

૫૮. સમ્યગ્જ્ઞાન એટલે શું?
58. What do you mean by Samyak Gyan-(Correct Knowledge)?

૫૯. સમ્યગ્જ્ઞાનથી પોતાનો આત્મા કેવો સમજાય?
59. How does your Soul appear to you once you have Correct Knowledge?

૬૦. જેને સાચું ચારિત્ર હોય તેને શું કહેવાય?
60. What do we call a person who has Samyakcharitra (Correct Conduct)?

૬૧. કઇ ત્રણ વસ્તુ ભેગી કરવાથી મોક્ષમાર્ગ થાય છે?
61. Which three things combined form the path to Moksh?

૬૨. આત્માને ઓળખે નહિ, તો મોક્ષ થાય?
62. Can one obtain Moksh only by Conduct without understanding the Soul?

૬૩. સાચું ચારિત્ર ને મુનિદશા કોને હોઇ શકે?
63. Who can have Correct Conduct and Monkhood?

૬૪. જૈન કોને કહેવાય?
64. Who can be called Jain?

૬૫. જેણે રાગ દ્વેષ ટાળયા તેને શું કહેવાય?
65. By what name should we address the person who has conquered the emotions of "likes and dislikes" ?

૬૬. જિનદેવ કેવા છે?

66. Describe JinDev (God)?

૬૭. એક હતો રાજા; તે શા માટે રોઈ પડયો?
67. In 'The Story of a King', why did the King cry?

૬૮. સુખી થવા માટે રાજાને મુનિએ શું કહ્યું?
68. What was the Monk's advise to the King to become happy?

૬૯. જીવો બે પ્રકારનાં છે,-તે કયા?
69. Souls are of two types. What are they?

૭૦. સ્વર્ગના જીવો સંસારી છે કે મુકત?
70. Are the Souls in heaven Worldly Souls or Liberated Souls?

૭૧. જીવ કયાં સુધી સંસારમાં રખડે છે?
71. Until when does the Soul continue to wander in this world?

૭૨. મુકત થવા માટે જીવે શું કરવું જોઈએ?
72. What should the Soul do in order to be Liberated?

૭૩. કર્મ જીવ છે કે અજીવ?
73. Is Karma Soul or Non-Soul?

૭૪. જીવમાં કર્મ છે?
74. Does the Soul have Karma?

૭૫. જીવ કેમ દુઃખી થાય છે? અજ્ઞાનથી કે કર્મથી?
75. Why does the Soul become unhappy, due to Ignorance or Karma?

૭૬. મહાવીરે શું કર્યું કે જેથી તેઓ ભગવાન થયા?
76. What did Mahavir do to become God?

૭૭. મહાવીરનો જન્મદિવસ કયો? ને માતાજીનું નામ શું?
77. What is the birthdate of Mahavir? What is his Mother's name?

૭૮. પૂર્વભવનું જ્ઞાન થતાં ભગવાને શું કર્યું?
78. What did Mahavir do when he remembered his previous life?

૭૯. મુનિ થયા પછી ભગવાન શું કરતા હતા?
79. What was Mahavir doing after becoming a Monk?

૮૦. ભગવાનનો ઉપદેશ સાંભળવા કોણ-કોણ આવ્યું?
80. Who came to listen to Mahavir Bhagwan's preachings?

૮૧. મહાવીર ભગવાન ક્યાંથી મોક્ષ પામ્યા?
81. From which place did Bhagwan Mahavir achieve Moksh?

૮૨. અત્યારે મહાવીર ભગવાન અરિહંત છે કે સિદ્ધ?
82. Is Mahavir Bhagwan Arihant or Siddha at present?

૮૩. તેઓ અત્યારે ક્યાં રહેતા હશે?
83. Where does he stay at present?

૮૪. સવારમાં વહેલા ઊઠીને તમે શું કરશો?
84. What will you do after waking up early in the morning?

૮૫. આપણે હંમેશા શું-શું કરવું જોઇએ?
85. What should we do daily?

૮૬. એક માતા બાળકને સારી-સારી શિખામણ આપે છે, તેમાં સૌથી પહેલાં શું કહે છે?
86. What is the first piece of good advice that a Mother gives her child?

૮૭. આપણે રાત્રે ખવાય?
87. Can we eat at night?

૮૮. તમે દરરોજ શું કરશો?
88. What actions will you do daily?

૮૯. તમે કદી શું નહીં કરો?
89. What actions will you never do?

૯૦. આતમ-ભાવના ભાવતાં શું મળે?
90. What does one attain by meditation of the Soul ?

૯૧. ‘ સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી ’ તે કોણ છે?
91. What is the substance that is naturally blissful, naturally pure and indestructible?

૯૨. આપણા દેવ કોણ?
92. Who is our God?

૯૩. દેહ અને જીવ–તેમાં અમર કોણ?
93. Of the two, the Body and the Soul, which one is indestructible?

૯૪. " વંદન અમારાં "... તેમાં તમે કોને કોને વંદન કરો છો?
94. In the Chapter on "Prayer" to whom are you offering prayers?

૯૫. આતમદેવ કેવો છે? ( પાઠ ૨૬ ની કવિતા )
95. Which Soul is a Pure Soul? (Refer to Chapter 26)

૯૬. એક બાલક શું જોવા માગે છે?
96. What does a child want to see?

૯૭. આત્મા આંખથી દેખાય કે નહીં?
97. Can you see the Soul with your eyes?

૯૮. આત્મા શેનાથી દેખાય?
98. How can you see the Soul?

૯૯. જન્મ વગરનો ને મરણ વગરનો...... ( પછી શું? )
99. Complete the sentence "Free of birth and free of death, ....."

૧૦૦. પોતે છે ભગવાન...પોતે છે સિદ્ધ...( પૂરું કરો )
100. Complete the sentence "Itself Bhagwan, itself Siddha,..............."

૧૦૧. તમારે કોના દર્શન કરવાં છે?
101. Who do you wish to pray to?

૧૦૨. તમારે કોની સેવા કરવી છે?
102. Who do you want to serve?

૧૦૩. તમને શું કરવાનું ગમે છે?
103. What do you like to do?

૧૦૪. તમારે શેમાંથી છૂટવું છે?
104. From what do you want to get liberated?

૧૦૫. તમારે ઝટઝટ કયાં જવું છે?
105. What do you wish to attain quickly?

૧૦૬. તમે રોજ ધર્મનો અભ્યાસ કરો છો કે નહીં?
106. Do you study and practice religion daily?

૧૦૭. તમારી બા તમને ધર્મની વાર્તા કહે છે કે નહીં?
107. Does your mother tell you religious stories?

૧૦૮. તમે રોજ ભગવાનનાં દર્શન કરવા જાઓ છો કે નહીં?
108. Do you go to temple everyday?

૧૦૯. પંચરંગી જૈન–ઝંડો ચિતરતાં શીખો ( પાઠ ૧૬ )
109. Draw the 5-coloured Jain flag (Chapter 16).

૧૧૦. ' અમે તો વીરતણા સંતાન ' એ ગીત તમને આવડે છે?
110. Recite the song "Children of Lord Mahavir".

जयजिनेन्द्र
JAI JINENDRA